ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ — તા. ૧૦/૦૬/૨૦૧૭

**સરકાર મૃતકના પરીવારને ન્યાય અપાવવા કટીબદ્ધ છે.**
**તે માટે નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ સતત સક્રિય છે. – ભરત પંડ્યા**

-----------------

**માંડવીની ઘટનામાં કોંગ્રેસની મેલીમુરાદને મૃતકના પરીવારના જ શ્રી પરેશભાઈ ખેનીએ ખુલ્લી પાડી છે.**

-----------------

**કોંગ્રેસ દિશાવિહીન, મુદ્દા વિહીન છે. તેથી મોતનો મલાજો જાળવ્યાં વગર આ પ્રકારની ઘટનાને રાજકીય રંગ આપવા પ્રયાસ કરે છે. – ભરત પંડ્યા**

-----------------

**કોંગ્રેસને મૃતકને ન્યાય અપાવવામાં કે સમાજમાં શાંતિ-એકતા-પ્રેમ ટકી રહે તેમાં રસ નથી.**

-----------------

**કોંગ્રેસમાં આંતરીક-ઝઘડા ચરમસીમાએ છે તેથી સમાજમાં પણ આંતરીક ઝઘડા-વેરઝેર, અશાંતિ ફેલાય તેમ કોંગ્રેસ ઈચ્છે છે.**

-----------------

પ્રદેશ પ્રવકતાશ્રી ભરત પંડયાએ જણાવ્યું હતું કે, મહેસાણામાં યુવાનના મૃત્યુની ઘટના દુ:ખદ છે. તેનાં માટે સરકાર સંવેદનશીલ છે. સરકારે ચીફ જ્યુડીસીયલ મેજીસ્ટ્રેટની તપાસ સોંપી છે. જે પણ કસુરવાર હશે તેને સજા આપવામાં આવશે. સરકાર મૃતકના પરીવારને ન્યાય અપાવવા માટે કટીબદ્ધ છે. નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ આ પરીવારને ન્યાય મળે અને સમાજમાં સંવાદીતા, શાંતિ, એકતા જળવાય તે માટે સતત સક્રિય છે.

મહેસાણામાં કોંગ્રેસના નેતાઓની મુલાકાત અંગે પ્રત્યાઘાત આપતાં પ્રવકતાશ્રી ભરત પંડયાએ જણાવ્યું હતું કે, આ ઘટનાને રાજકીય રંગ આપવાનો કોંગ્રેસનો મલિન ઈરાદો છે. ભાવનગર, માંડવીની ઘટનામાં પણ મૃતકના પરીવારને ઉશ્કેરીને સમાજમાં વાતાવરણ બગાડવાનું કૃત્ય કોંગ્રેસે કર્યું હતું. તે બાબતે મૃતક પરીવારના શ્રી પરેશભાઈ ખેનીએ જ પત્રકારો સામે ઘટસ્ફોટ કરીને કોંગ્રેસની મેલી રમત ખુલ્લી કરી છે. આ જ પ્રકારે મહેસાણામાં ઉશ્કેરણી કરવાનો કોંગ્રેસનો બદઈરાદો છે.

શ્રી પંડયાએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ દિશાવિહીન છે, કોંગ્રેસ મુદ્દાવિહિન છે. પ્રજામાં જઈને કોઈપણ હકારાત્મક કાર્યક્રમો કરી શક્તી નથી અને તેથી આ પ્રકારની સંવેદનશીલ ઘટનામાં મોતનો મલાજો જાળવ્યાં વગર રાજકીય સ્વરૂપ આપવાનો પ્રયાસ કરે છે. પરંતુ મહેસાણા, ઉત્તર ગુજરાતની જનતા કે જે અભિનંદનને પાત્ર છે કે જેમણે કોંગ્રેસના આ કુપ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે. કોંગ્રેસને મૃતકને ન્યાય અપાવવામાં રસ નથી. સમાજમાં શાંતિ, એકતા-પ્રેમ ટકી રહે તેમાં કોંગ્રેસને રસ નથી. કારણ કે, કોંગ્રેસમાં આંતરીક ઝઘડાઓ ચરમસીમાએ છે. તેથી જ સમાજોમાં પણ આંતરીક ઝઘડામાં વેર-ઝેર, અશાંતિ ફેલાય તેમ કોંગ્રેસ ઈચ્છી રહી છે. પરંતુ ગુજરાતની જનતા કોંગ્રેસના આ આંતર-બ્રાહ્ય બન્ને વિકૃત સ્વરૂપને જાણી ગઈ છે.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ નં. ૦૨ તા. ૧૦/૦૬/૨૦૧૭

## "સૌનો સાથ, સૌનો વિકાસ"-સંમેલન કાર્યક્રમ અંતર્ગત કેન્દ્રીયમંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઈરાની ગુજરાતના પ્રવાસે

પ્રદેશ પ્રવકતાશ્રી ભરત પંડયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ત્રણ વર્ષના સ્વર્ણિમ કાર્યકાળની સંપૂર્ણ માહિતી જન-જન સુધી પહોંચે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા "સૌનો સાથ, સૌનો વિકાસ" સંમેલન અને "મોદી ફેસ્ટ" પ્રદર્શનીનું આયોજન સમગ્ર દેશમાં હાથ ધરવામાં આવેલ છે. તે અંતર્ગત કેન્દ્રીયમંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાની ગુજરાતમાં ત્રણ દિવસના પ્રવાસે છે. શ્રીમતી ઈરાની આજે તા. ૧૦ જૂને રાત્રે રાજકોટ ખાતે આવી પહોંચશે. તા.૧૧ જૂને સવારે - પોરબંદર ખાતે અને સાંજે - ગીર સોમનાથ જીલ્લાના વેરાવળ ખાતે "સૌનો સાથ-સૌનો વિકાસ"-સંમેલનના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે અને તા. ૧૨ જૂને સવારે - જૂનાગઢ જીલ્લાના કેશોદ ખાતે તેમજ સાંજે - અમરેલી ખાતે ઉપસ્થિત રહેશે તેમશ્રી પંડયાએ જણાવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ